# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-08-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

****************************************************

1. બિહારમાં સઘન સુધારણા કવાયત અંગેના વિરોધ પક્ષોના હોબાળાના પગલે સંસદના બંને ગૃહોની કામગીરી ખોરંભે.
2. ઓપરેશન સિંદૂરની સફળતા બદલ એનડીએની મળેલી બેઠકમાં પ્રધાનમંત્રીનું સન્માન કરાયુ
3. રશિયા પાસેથી તેલ ખરીદવાના મામલે ટેરિફ વધારવાના ટ્રમ્પના નિવેદનને પગલે ભારતનો અમેરિકાને આકરો જવાબ
4. ભારત અને ફિલિપાઇન્સના વડા આજે નવી દિલ્હીમાં ઉચ્ચ પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરશે.
5. ટ્રમ્પની ટેરિફ વધારવાના નિવેદનના પગલે ભારતીય શેરબજારમાં કડાકો

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PAR-ADJOURN

બિહારમાં આયોજિત ખાસ સઘન સુધારા કવાયતના મુદ્દા પર વિપક્ષી પક્ષોના હોબાળાને કારણે સંસદના બંને ગૃહો બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યા છે. વિપક્ષી પક્ષો SIR મુદ્દા પર ચર્ચાની માંગ કરી રહ્યા હતા.

જ્યારે લોકસભા સવારે 11 વાગ્યે મળી, ત્યારે કોંગ્રેસ, DMK, TMC અને અન્ય વિપક્ષી પક્ષો સૂત્રોચ્ચાર કરતા વેલમાં ધસી ગયા. હોબાળા વચ્ચે, સ્પીકર ઓમ બિરલાએ પ્રશ્નકાળ ચલાવવાનો પ્રયાસ કર્યો. સ્પીકરે કહ્યું, વિરોધ કરી રહેલા સભ્યો પૂર્વયોજિત રીતે ગૃહને ખલેલ પહોંચાડી રહ્યા છે. તેમણે કહ્યું, વિરોધ કરી રહેલા સભ્યોનું વર્તન સંસદીય લોકશાહી માટે યોગ્ય નથી. ઘોંઘાટ ચાલુ રહેતાં, સ્પીકરે ગૃહને બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરી દીધું.

રાજ્યસભામાં પણ આવા જ દ્રશ્યો જોવા મળ્યા. જ્યારે ગૃહ સવારે 11 વાગ્યે મળ્યુ, ત્યારે વિપક્ષી પક્ષોએ ખાસ સઘન સુધારા કવાયત પર ચર્ચાની માંગણી સાથે વિરોધ શરૂ કર્યો. ઉપાધ્યક્ષ હરિવંશે સતત વિક્ષેપ પર ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે કેટલાક સભ્યો પૂર્વયોજિત રીતે ગૃહને ખલેલ પહોંચાડી રહ્યા છે. હોબાળા વચ્ચે, અધ્યક્ષે ગૃહને બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરી દીધું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# NDA MEETING

**આજે સવારે નવી દિલ્હીના સંસદ ભવનમાં NDA સંસદીય દળની બેઠક યોજાઈ હતી. જેમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ભાજપ પ્રમુખ જે.પી. નડ્ડા અને અન્ય NDA સાંસદોએ હાજરી આપી હતી.**

**બેઠક દરમિયાન, સાંસદોએ ઓપરેશન સિંદૂર અને ઓપરેશન મહાદેવની સફળતા માટે પ્રધાનમંત્રીની પ્રશંસા કરી હતી. સાંસદોએ આ કામગીરીની સફળતા અંગે સર્વાનુમતે ઠરાવ પણ પસાર કર્યો હતો.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PM--KARTAVYA-BHAVAN.rtf

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હીમાં કર્તવ્ય પથ પર નવનિર્મિત કર્તવ્ય ભવનનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે, પ્રધાનમંત્રી એક જાહેર કાર્યક્રમને પણ સંબોધિત કરશે. કર્તવ્ય ભવન સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટનો એક ભાગ છે. આ ઇમારત ભવિષ્યમાં વહીવટી પ્રક્રિયાઓ અને શાસનને સુવ્યવસ્થિત કરવાના ઉદ્દેશ્યથી બનાવવામાં આવનારી કેન્દ્રીય સચિવાલયની પ્રથમ ઇમારત છે.

પ્રધાનમંત્રી કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે કર્તવ્ય ભવન બનાવવાનો હેતુ વિવિધ મંત્રાલયો અને વિભાગોને એકસાથે લાવીને કાર્યક્ષમતા, નવીનતા અને સહયોગને પ્રોત્સાહન આપવાનો છે. હાલમાં, વિવિધ મંત્રાલયો અને વિભાગો રાજધાની દિલ્હીના વિવિધ વિસ્તારોમાં સ્થિત છે. કર્તવ્ય ભવન એક આધુનિક કાર્યાલય સંકુલ છે જે લગભગ 1.5 લાખ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું છે. પ્રધાનમંત્રી કાર્યાલયે જણાવ્યું હતું કે આ ઇમારત આધુનિક, કાર્યક્ષમ અને નાગરિક-કેન્દ્રિત શાસન પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાની એક મોટી સિદ્ધિ સાબિત થશે.

---------------------------------

# US_SOUTH KOREA MOU

**અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે રાતોરાત સોશિયલ મીડિયા પર નવી દિલ્હીને વધુ ઊંચા ટેરિફની ધમકી આપ્યા બાદ ભારતે અમેરિકાને આકરો જવાબ આપ્યો છે. આ મુદ્દે ભારતે કહ્યું કે અમેરિકા અને યોરોપિયન યુનિયન, રશિયન તેલની આયાત પર તેને નિશાન બનાવી રહ્યા છે.**

**ભારતના વિદેશ મંત્રાલયે સોમવારે મોડી રાત્રે એક નિવેદનમાં જણાવ્યું હતું કે 2022 માં રશિયા-યુક્રેન યુદ્ધ ફાટી નીકળ્યા પછી "પરંપરાગત પુરવઠો" યુરોપ તરફ વાળવામાં આવ્યો ત્યારે જ ભારતે રશિયા પાસેથી તેલ આયાત કરવાનું શરૂ કર્યું હતું,. યુરોપિયન યુનિયન અને અમેરિકાની ટીકા કરતા મંત્રાલયે કહ્યું, "એવું ખુલાસો થઈ રહ્યો છે કે ભારતની ટીકા કરનારા દેશો પોતે રશિયા સાથે વેપારમાં સામેલ છે."**

બીજીતરફ સાતમી ઓગસ્ટથી અમેરિકન ટેરિફ અમલમાં આવે તે પહેલાં, દક્ષિણ કોરિયા, યુરોપિયન યુનિયન અને જાપાને મહત્વપૂર્ણ જાહેરાતો કરી છે. દક્ષિણ કોરિયાએ તેના કરારમાં નીચા ટેરિફ દર સુનિશ્ચિત કરવા માટે અમેરિકામાં **350** અબજ ડોલરનું રોકાણ કરવા અને **100** અબજ ડોલરનો લિક્વિફાઇડ નેચરલ ગેસ ખરીદવા સંમતિ આપી છે.

યુરોપિયન યુનિયને સંકેત આપ્યો છે કે, તે **750** અબજ ડોલરની અમેરિકન ઊર્જા ખરીદશે અને તેની કંપનીઓ ઓછામાં ઓછા **600** અબજ ડોલરનું રોકાણ કરવા તૈયાર છે. જાપાને કહ્યું કે, તે અમેરિકામાં રોકાણ માટે **550** અબજડોલરનું ભંડોળ સ્થાપશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# AGNISHODH- DEFENCE

સેનાના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ભારતીય ટેકનોલોજી સંસ્થા - **IIT** મદ્રાસ ખાતે ભારતીય સેનાની સંશોધન શાખા - અગ્નિશોધનું ઉદ્ઘાટન કર્યું. તેનો ઉદ્દેશ શૈક્ષણિક સંશોધનને સંરક્ષણ ટેકનોલોજીમાં રૂપાંતરિત કરવાનો છે. આ કેન્દ્ર સ્વદેશીકરણ દ્વારા સશક્તિકરણના ધ્યેય હેઠળ સ્વનિર્ભરતા પર ધ્યાન કેન્દ્રિત કરીને પરિવર્તનના પાંચ સ્તંભોને સમર્થન આપે છે.

આ નવું સંશોધન કેન્દ્ર IIT મદ્રાસના રિસર્ચ પાર્ક અને એડવાન્સ્ડ મેન્યુફેક્ચરિંગ ટેકનોલોજી ડેવલપમેન્ટ સેન્ટર અને પ્રવર્તક ટેકનોલોજી ફાઉન્ડેશન જેવી કંપનીઓ સાથે સંકલન કરશે, જેથી પ્રયોગશાળા-સ્તરની નવીનતાઓને વ્યવહારુ રીતે ઉપયોગમાં લઈ શકાય તેવી તકનીકોમાં રૂપાંતરિત કરી શકાય. તે ઉત્પાદન, સાયબર સુરક્ષા, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ, વાયરલેસ કોમ્યુનિકેશન અને માનવરહિત હવાઈ પ્રણાલી જેવા ઉભરતા ક્ષેત્રોમાં લશ્કરી કર્મચારીઓને કૌશલ્ય આપવામાં મદદ કરશે.

તેમની બે દિવસીય મુલાકાત દરમિયાન, સેનાના વડા ઓફિસર ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ, ચેન્નાઈના અધિકારીઓને પણ સંબોધન કર્યું,. તેમણે કહ્યું કે ભવિષ્યના યુદ્ધોમાં સૈનિકો અને સ્માર્ટ ટેકનોલોજીની સમાન રીતે જરૂર પડશે. તેમણે ચાર યુદ્ધ નાયકોને તેમની સેવા માટે અચીવર એવોર્ડથી સન્માનિત પણ કર્યા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ**

NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# PHILIPPINES PREZ - WELCOME

ફિલિપાઇન્સના રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ રોમુઆલ્ડેઝ માર્કોસ જુનિયરનું આજે સવારે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું. ફિલિપાઇન્સના રાષ્ટ્રપતિને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું તેમણે આજે રાજઘાટ ખાતે મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ પણ આપી હતી.

આજે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ફિલિપાઇન્સના રાષ્ટ્રપતિ વચ્ચે ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ-સ્તરીય વાટાઘાટો યોજાશે. શ્રી માર્કોસ ભારતની પાંચ દિવસની સત્તાવાર મુલાકાતે છે વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે બંને નેતાઓ વચ્ચેની વાટાઘાટો દ્વિપક્ષીય સહયોગને વધુ મજબૂત બનાવશે. સાંભળીએ એક એહવાલ

## ( VOICE CAST – ANAND KUMAR )

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# KULGAM SEARCH OPERATION

દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લાના અખાલ દેવસર વિસ્તારમાં આતંકવાદીઓ સામે સુરક્ષા દળોનું ઓપરેશન પાંચમા દિવસે પણ યથાવત છે. આ ઓપરેશનમાં અત્યાર સુધી એક આતંકવાદી માર્યો ગયો છે અને બે સૈનિકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે," શનિવારે દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લાના અખલ વિસ્તારમાં આખી રાત ચાલેલી અથડામણમાં, સુરક્ષા દળોએ એક આતંકવાદીને ઠાર માર્યો હતો. આ સંયુક્ત ઓપરેશન ભારતીય સેના, જમ્મુ અને કાશ્મીર પોલીસ, સીઆરપીએફ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (એસઓજી) દ્વારા ચલાવવામાં આવી રહ્યું છે."

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# US--MASS-SHOOTING

અમેરિકાના લોસ એન્જલસમાં ગોળીબારની ઘટનામાં બે લોકોના મોત થયા છે અને છથી વધુ લોકો ઘાયલ થયા છે.

લોસ એન્જલસ પોલીસના જણાવ્યા અનુસાર, ગઈકાલે રાત્રે ગ્રિફિથ એવન્યુ નજીક ગોળીબાર થયો હતો જ્યાં લોકો ઉજવણી કરી રહ્યા હતા. આ કેસમાં અત્યાર સુધી કોઈ ધરપકડ કરવામાં આવી નથી, તપાસ ચાલુ છે.

ઉલ્લેખનીય છે કે અગાઉ, શુક્રવારે, અમેરિકાના મોન્ટાનામાં એક બારમાં ગોળીબારમાં ચાર લોકોના મોત થયા હતા.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## RUSSIA-INF-TREATY

રશિયાએ ઇન્ટરમીડિયેટ-રેન્જ ન્યુક્લિયર ફોર્સિસ સંધિમાંથી ખસી જવાની જાહેરાત કરી છે.

**1987**માં હસ્તાક્ષર કરાયેલ આ શસ્ત્ર નિયંત્રણ સંધિ અનુસાર, પાંચસોથી સાડા પાંચ હજાર કિલોમીટરની રેન્જ ધરાવતી જમીન પર વાર કરી શકતી મિસાઇલો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. રશિયન વિદેશ મંત્રાલયે કહ્યું કે આ સંધિની શરતોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે અને હવે તેમનો દેશ આ પ્રતિબંધોનું પાલન કરશે નહીં. રશિયાએ પશ્ચિમી દેશો પર તેની રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ઉભો કરવાનો આરોપ લગાવ્યો છે.

રશિયાએ સંધિમાંથી ખસી જવા માટે તાજેતરની અમેરિકાની લશ્કરી કાર્યવાહીને મુખ્ય કારણ ગણાવી છે. અમેરિકાએ ફિલિપાઇન્સમાં ટાયફૂન

મિસાઇલ સિસ્ટમ તૈનાત કરી છે અને ઓસ્ટ્રેલિયામાં મિસાઇલ યુદ્ધ કવાયતો હાથ ધરી છે. રશિયાએ કહ્યું છે કે અમેરિકાના આ પગલાથી વૈશ્વિક સ્થિરતાને નુકસાન થયું છે અને રશિયાની સુરક્ષા પર દબાણ વધ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## MARKET

વૈશ્વિક બજારમાં અસમંજસ અને ટ્રમ્પની ટેરિફ વધારા અંગેની ધમકી બાદ ભારતીય શેરબજાર પણ નીચા મથાળે ખુલ્યા હતા.. મોટાભાગના શેરમાં વેચવાલી નિકળી હતી જેના પરિણામે સેન્સેકસ 300 અંક કરતાં વધુ જ્યારે નિફ્ટીમાં પણ સો પોઇન્ટનો કડાકો બોલ્યો હતો..હાલમાં પણ શેરબજાર ઘટડાના વલણ સાથે કારોબાર કરી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .